આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૭ | ૨૬ જૂન ૨૦૧૨, મંગળવાર, અષાઢ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# પંચાયતના રાજકારણમાં ભૂકંપની સ્થિતિ

## જિલ્લાના ચાર પૂર્વ સરપંચોને પાંચ વર્ષ માટે ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવતા હુકમો જારી થયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના સરઢવ, કોબા, સામેત્રી અને ડભોડા ગામના પૂર્વ સરપંચો સામે પંચાયત ધારાની કલમ ૫૭(૨) હેઠળ પગલાં લેતાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ. એ. ગાંધીએ આ ચારેય પૂર્વ સરપંચોને પાંચ વર્ષ માટે પંચાયતી રાજની ચૂંટણી લડવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા એક સાથે ચાર પૂર્વ સરપંચો પર પંચાયત અધિનિયમની જોગવાઈઓને આધિન રહી લેવાયેલા આ પગલાંથી પંચાયતના રાજકારણમાં ભૂકંપનો આંચકો આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધી દ્વારા કરાયેલા હુકમની બજવણી પણ કરી દેવામાં આવી છે. આ હુકમોએ ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષ માટે આંચકારૂપ બની ગયા છે અને પંચાયત મોભીઓમાં આ મુદ્દાની જ ચર્ચાઓ થતી સાંભળવા મળતી હતી.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામના પૂર્વ સરપંચ શ્રી મનુભાઈ પટેલ સામે પોલીસ ફરિયાદ દાખલ કરાયા બાદ પંચાયત અધિનિયમની જોગવાઈ ૫૭(૨) હેઠળ પણ પગલાં લેવામાં આવતાં તે મુદ્દો વધારે ચર્ચાની એરણે ચડ્યો છે. તેમના ધર્મપત્ની ઉષાબેન પટેલ જિલ્લા પંચાયતના સદસ્યા પણ છે.

શ્રી મનુભાઈ પટેલ સામે ગેરકાયદે દુકાનો બનાવી અને વેચાણ કરવાનો આક્ષેપ હતો તેમજ હિસાબોના લોકલ ફંડ ઓડિટમાં જુદા જુદા ૪૯ લાખ રૂ.ના કામોમાં મનસ્વી વર્તન કર્યાના આક્ષેપમાં વજુદ જણાતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આ નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

શ્રી પટેલે કરેલી રજુઆતોને ગ્રાહ્ય રાખવામાં આવી નથી.

કોબાના પૂર્વ સરપંચ શ્રીમતિ કમળાબેન બેચરભાઈ પટેલને પણ

● અનુસંધાન પાન-૭ પર



તસવીરમાં દેખાય છે એ ખેતર તો છે, પણ એ શહેરનું ખેતર છે. ગાંધીનગર શહેરમાં સૅક્ટર-૧૧ ખાતે સ્થિત ખેતરની આ તસવીર છે. આપણે ત્યાં જૂની વ્યવસ્થા એવી હતી કે ગામની સીમ પૂર્ણ થાય પછી ખેતરની શરૂઆત થાય, પણ શહેરમાં શું? આમ તો આવાં ગામોની જમીન સંપાદન કરીને જ આ શહેર અસ્તિત્વમાં આવ્યું છે, એટલે ખેતીની જમીન અંગે કોઈ વ્યવસ્થા વિચારવામાં આવી નથી. (જોકે, શહેરમાં ખેતીની જમીન બચી છેય કેટલી! હવે તો આસપાસનાં ગામોની જમીન પણ બિલ્ડીંગોથી ભરાઈ જતી હોય ત્યાં શહેરની તો આશા જ શું રાખવી!) અલબત્ત, આ જમીન પૂરતી વ્યવસ્થા એવી વિચારવામાં આવી છે કે જમીનનો જ્યાં સુધી ઉપયોગ કરવામાં ન આવે ત્યાં સુધી એને ખેતીના ઉપયોગમાં લઈ શકાય છે. એ જ કારણથી ખેતીની સીઝનમાં ખેડૂત આ જમીન ઉપર ખેતી કરે છે. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લામાં એક સપ્તાહમાં ૩૦૨ ગામોમાં ગ્રામસભાઓ યોજાશે

## રાજ્ય સરકારની સૂચના મુજબ ગ્રામસભા અભિયાન આરંભાયું : રોજની ૫૦ ગ્રામસભાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ૩૦૨ ગામોમાં એક સપ્તાહ દરમ્યાન જ જિલ્લા કક્ષાની ગ્રામસભાઓ યોજવામાં આવનાર છે. રોજની ૫૦ જેટલી ગ્રામસભાઓ એક સાથે યોજવામાં આવશે.

રાજ્ય સરકારની સૂચના અંતર્ગત જિલ્લા કક્ષાની પ્રથમ તબક્કાની અને આમ ૨૦મા તબક્કાની ગ્રામસભાનું અભિયાન આજથી આરંભાયું છે. જિલ્લાના ૪૯ જેટલા અધિકારીઓને આ અભિયાન અંગે જવાબદારી સોંપવામાં આવી છે. જે લાયઝન અધિકારી તરીકે ફરજો બજાવી ગ્રામસભામાં રજુ થતાં પ્રશ્નો સાંભળી અને તેનો નિકાલ કરશે.

જિલ્લાના અધિકારીઓ બધા એક સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજથી જ જતા રહેતાં મુલાકાતીઓ નિરાશ થઈને પરત ફર્યા હતા.

જિલ્લામાં અગાઉ યોજાયેલ ૧૯ તબક્કાની ગ્રામ સભાઓમાં ૧૯૦૦ જેટલા પ્રશ્નો નિકાલ થયા વિનાના પડતર તંત્ર પાસે છે.

દરેક ગામમાં બપોરે ૩ વાગે આ ગ્રામસભાઓ શરૂ થશે અને સાંજે અધિકારીઓએ પરત આવી આ અંગેનો અહેવાલ આપવાનો રહેશે. ચોમાસાના દિવસો દરમ્યાન આ ગ્રામસભાઓના આયોજનને લઈ ગ્રામ્ય વિસ્તારની પ્રજામાં પણ રોષની લાગણી ઉઠવા પામી છે. કારણ કે હાલ વાવણીની કામગીરીને લઈ લોકો વ્યસ્ત છે ત્યારે આ ગ્રામસભાઓ ખરા બપોરે યોજવાનો અર્થ નથી તેવી લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

આ ગ્રામસભા અભિયાન હાલ જિલ્લા કક્ષાનું છે આ પછી હવે ડિસેમ્બરમાં રાજ્યકક્ષાનું અભિયાન હાથ ધરવામાં આવશે. વર્ષમાં ચાર વાર ગ્રામસભાઓ યોજવામાં આવે છે.




આ શહેર વ્યવસ્થાની દ્રષ્ટિએ નં. ૧ છે, પણ રખરખાવની દ્રષ્ટિએ, જાળવણીની દ્રષ્ટિએ સાવ પાંગળું છે. તસવીરમાં દેખાતી પોલીસની બેરીકેડના પાટિયાની હાલત આ બાબતનો પુરાવો આપે છે. પોલીસને તો બિચારીને કેટલાં કામ હોય! આવાં કામ માટે સમય હોય! (તસવીર : દિપક જાની)

# વલસાડ, નવસારી અને સુરતમાં વરસાદ : અમદાવાદમાં વિરામ

## પારડીમાં ત્રણ ઇંચ, વલસાડ, ઉમરગામ અને નવસારીમાં બે ઇંચ વરસાદ : ભાવનગરમાં ૩૯.૮ તાપમાન નોંધાયું

અમદાવાદ, તા.૨૫

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, સુરત અને ડાંગ જિલ્લામાં વરસાદ પડ્યો છે. જ્યારે આજે અમદાવાદમાં વરસાદે વિરામ રાખ્યો હતો. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી ભાવનગરમાં ૩૯.૮ ડીગ્રી નોંધાઈ હતી. રાજ્યની ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે સાત વાગે પુરા થતા ૨૪ કલાક દરમિયાન વલસાડ જિલ્લાના પારડીમાં ૮૬ મીમી, વલસાડમાં ૫૩ મીમી, ઉમરગામમાં ૫૨ મામી, નવસારી જિલ્લાના નવસારીમાં ૫૯ મીમી વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત કપરાડા, ધરમપુરમાં ૧ ઈંચ, અને ચોરીયાસી, માંડવી, ગણદેવીમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે ગાજવીજ સાથે વરસાદનું એકાદ ઝાપટુ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૯.૦ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૬ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૪ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૩૮.૨, સુરતમાં ૩૪.૦, રાજકોટ ૩૭.૫, ડીસામાં ૩૮.૦, ગાંધીનગર ૩૮.૮, સુરેન્દ્રનગર ૩૯.૩, ઈડરમાં ૩૮.૬, અમરેલી ૩૭.૦, વલ્લભ વિદ્યાનગર ૩૮.૪ ડિગ્રી નોંધાયું હતું.

# એસ્સાર ઓઈલને ૯૧૦૦ કરોડ ચૂકવવામાં કોઈ રાહત મળી નહીં

## પેનલ્ટી અને વ્યાજની ૨૦૦૦ કરોડની રકમ પણ ભરવી પડશે

## કંપનીએ સરકાર સામે કરેલી પિટીશન હાઇકોર્ટે કાઢી નાંખી

ગાંધીનગર, તા.૨૫

એસ્સાર ઓઈલ પાસેથી સેલ્સટેક્સ પેટે ગુજરાત સરકારે વસૂલવાના થતાં ૯૧૦૦ કરોડની રકમ અંગે કંપનીને અદાલતની ભારે લપડાક પડી છે. ગુજરાત હાઈકોર્ટે એસ્સારની પિટીશન ફગાવ દીધી છે તેથી કંપની પાસે બાકી ટેક્સ અને પેનલ્ટી-વ્યાજ ભરવા સિવાય છૂટકો નથી. અગાઉ સુપ્રિમ કોર્ટે પણ એસ્સારને ફટકાર લગાવી સરકારનો બાકી ટેક્સ ભરવા આદેશ કર્યો હતો.

સુપ્રિમના ચૂકાદા પછી એસ્સારે ગુજરાત સરકાર સામે એવી પિટીશન કરી હતી કે બાકી નાણા ભરવા માટે રાજ્ય સરકાર અમને ધાકધમકી આપે છે અને દબાણ કરે છે. આ સાથે પેનલ્ટી અને વ્યાજ માફ કરવાની પણ પિટીશનમાં માગણી કરવામાં આવી હતી.

હાઈકોર્ટમાં જસ્ટીસ મજમુદાર અને પાલની ડિવિઝન બેચ સમક્ષ આ કેસ ચાલી જતાં કોર્ટે એસ્સારની માગણી અને પિટીશન ફગાવી દીધી હતી. કંપનીએ પિટીશનમાં એવું કહ્યું હતું કે સરકારના બાકી નિકળતા ટેક્સમાં અમે ૨૦૧૩થી હપ્તા ભરવા તૈયાર છીએ. સરકારે અમારી પાસેથી પેનલ્ટી-વ્યાજના ૨૦૦૦ કરોડ માફ કરવા જોઈએ. જો કે આ માગણી સાથે પણ કોર્ટ સહમત થઈ નથી. કોર્ટે સરકાર પર મૂકેલા આરોપને પણ ફગાવી દીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે એસ્સાર ઓઈલે વેરા પેટે ૬૧૬૯ કરોડ ભરવાના બાકી નિકળે છે તે પૈકી મે-૨૦૧૨માં કંપનીએ ૧૦૫૦નો હપ્તો ભરી દેવાનો થતો હતો. કંપની પાસે વ્યાજ-પેનલ્ટી સહિત ૯૧૦૦ કરોડ લેવાના નિકળે છે. સુપ્રિમ કોર્ટના ચૂકાદા પછી બાકી નાણા ચૂકવવામાં સલવત મળી રહે તે માટે કંપની હાઈકોર્ટમાં ગઈ હતી.

# તુલસીરામ કેસમાં માથુર અને જોહરીની પૂછપરછ થઈ શકે

અમદાવાદ,તા.૨૫

સનસનાટીપૂર્ણ તુલસીરામ પ્રજાપતિ બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ દ્વારા નિવૃત્ત ડીજીપી ઓપી માથુર અને એડિશનલ ડીજીપી ગીતા જોહરી સામે સમન્સ જારી કરવામાં આવ્યું છે. તપાસ સંસ્થા ગાંધીનગરમાં તેની ઓફિસમાં આ બે વરિષ્ઠ અધિકારીઓની પૂછપરછ કરે તેવી શક્યતા છે. તુલસીરામ પ્રજાપતિ એન્કાઉન્ટર કેસમાં બંનેની પ્રથમ વખત પૂછપરછ કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૦માં સીબીઆઈએ સનસનાટીપૂર્ણ શોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસના સંબંધમાં બંનેની પૂછપરછ કરી હતી. વર્ષ ૨૦૦૬માં જ્યારે તુલસીરામને બનાસકાંઠા જિલ્લામાં અંબાજી નજીક બનાવટી એન્કાઉન્ટરમાં ઠાર મારી દેવામાં આવ્યો ત્યારે જોહરી સીઆઈડી ક્રાઈમમાં હતા અને શોહરાબુદ્દીન તપાસમાં સુપરવાઈઝિંગ ઓફિસર હતા. માથુર સીઆઈડી ક્રાઈમના વડા હતા. સીબીઆઈએ કહ્યું છે કે સુપ્રિમ કોર્ટના આદેશ પહેલા એમ માનવામાં આવતુ હતું કે આ બનાવટી એન્કાઉન્ટર મોટા કાવતરાના ભાગરૂપે છે. ગુજરાત પોલીસનો આમા સમાવેશ થયેલો છે. રવિવારના દિવસે સીબીઆઈએ હેડકોન્સ્ટેબલ અજય યાદવની પૂછપરછ કરી હતી.

# રાજ્યના દરેક તાલુકામાં નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યના દરેક તાલુકામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટેનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે અને તેમાં ખાસ કરીને પછાત વિસ્તારમાં ખાસ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ સાધવામાં આવ્યો છે ત્યારે રાજ્યના અમુક જ વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ સધાય્ ને બાકીના વિસ્તારો ઔદ્યોગિક વિકાસથી વંચિત રહી ન જાય અને તમામ વિસ્તારોનો સર્વાંગી ઓદ્યોગિક વિકાસ સધાય તેવા ઉદ્દેશ સાથે રાજ્યના તમામ તાલુકાઓમાં નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને સૂચના આપવામાં આવી છે.

એટલું જ નહીં, રાજ્યના હજુ પણ એવા કેટલાક વિસ્તારો છે જે ઔદ્યોગિક ક્ષેત્રે પછાત છે. આવા પછાત વિસ્તારોમાં પણ ઔદ્યોગિક વિકાસ સધાય તે માટે ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવા વિસ્તારોને ખાસ પ્રાધાન્ય આપવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જીઆઈડીસી દ્વારા ઔદ્યોગિક વિકાસ માટે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવે છે અને પ્લોટોનું વિતરણ કરવામાં આવે છે તેમજ આંતરમાળખાકીય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. આથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની કામગીરીમાં સરળીકરણ, પારદર્શિતા અને અસરકારકતા લાવવા માટે વહીવટી કામગીરીમાં અને નીતિમાં પણ કેટલાક સુધારાઓ નિગમ દ્વારા કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં પ્લોટો ફાળવવા માટેની જે નીતિ અમલમાં મૂકવામાં આવી છે તેમાં કેટલાક સુધારા કરવા તેમજ પડતર પ્લોટોના નિકાલની કામગીરી ઝડપી બનાવવા માટે એક એક્શન પ્લાન નિગમ દ્વારા ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

TVના રીમોટ મળશે

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ (ગાંધીનગર)

Second Sem. Result

1st Rank VIVEK PATEL : 291/300 (97%)

80 કરતા વધારે માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા

| વિષય | વિદ્યાર્થીઓની સંખ્યા | Top in Subject | |
|---|---|---|---|
| Maths | 58 | 100 પાર્થ પટેલ | |
| Physics | 99 | 98 વિવેક પટેલ | |
| Chemistry | 84 | 97 ભાવિક કેશવાની | 97 વિવેક પટેલ |
| Biology | 44 | 98 હેમાંગી પટેલ | 98 સિધ્ધિ પટેલ |